# વિક્રમ સંવત ૨૦૭૩નું મેદનીય ફળાદેશ

- અંબારામ દા. પટેલ

ચાલવાવાળી સંસ્થાઓ, ધર્મશાળા સત્સંગ આશ્રમ, સંયુક્ત પરિવાર.

કૂર્મચક્રનાં વેધ નક્ષત્રો :- ઉત્તરા ફાલ્ગુની, હસ્ત અને ચિત્રા
સંવત ૨૦૭૩માં મુખ્યત્વે શુક્રનું ભ્રમણ આ નક્ષત્રમાં છે.
શુક્ર નક્ષત્ર પ્રવેશ
સતતારા નક્ષત્ર તા. ૪-૧-૨૦૧૭ વહેલી સવારે ૬.૧૫
પૂર્વા ભાદ્રપદા તા. ૧૭-૧-૨૦૧૭ વહેલી સવારે ૪.૩૦
ઉત્તરા ભાદ્રપદ તા. ૩૧-૧-૨૦૧૭ ૧૭.૨૧

## ● ચૈત્ર ગણના મુજબ સંવત્સર વસા ●

| | | |
|---|---|---|
| વૃષ્ટિ-૦૫ | દુકુલ-૦૯ | રત્ન-૧૫ |
| ધાન્ય-૦૭ | - | ધૃત-૧૩ |
| તૃણ-૧૩ | ઉર્ણવસ્ત્ર-૦૩ | - |
| શીત-૦૭ | ક્ષૌમ્ય-૧૩ | રસનિષ્પતિ-૦૭ |
| ઉષ્ણ-૧૭ | વલ્કલ-૧૧ | ફળ નિષ્પતિ-૧૧ |
| વાયુ-૧૩ | ભોજપત્ર-૧૫ | ચોરભય-૦૩ |
| ક્ષુધા-૦૧ | સોનુ-૧૧ | અગ્નિભવ-૦૩ |
| તૃષા-૦૧ | તાંબુ-૧૭ | ચોરનારા-૧૭ |
| નિંદ્રા-૧૧ | ચાંદી-૧૭ | ભૂતબાધા-૧૧ |
| આળસ-૦૫ | લોખંડ-૧૧ | ભૂતબાધા-૧૧ |
| ઉદ્યમ-૧૧ | જનન-૧૭ | અંડજ-૦૫ |
| શાંતિ-૧૩ | મરણ-૧૧ | સ્વેદજ-૦૫ |
| ક્રોધ-૧૧ | વાત-૦૯ | ઉચ્ચાટન-૦૯ |
| અતિવૃષ્ટિ-૧૩ | પિત્ત-૧૫ | વશીકરણ-૧૧ |
| વસ્ત્ર-૧૩ | કપ-૦૩ | અન્નિપાત-૧૧ |
| બેલ તેલ-૦૯ | વિગ્રહ-૧૧ | નિજધન-૦૩ |
| - | ઉંદર-૧૭ | પરધન-૦૭ |

પૂર્વા ભાદ્રપદમાં શુક્ર તા. ૧૭-૧-૨૦૧૭માં ચાલશે.
મંગળ નક્ષત્ર પ્રવેશ
શતતારા તા. ૨૦-૧૨-૨૦૧૬ ૧૪.૫૮
પૂર્વાભાદ્રપદા તા. ૬-૧-૨૦૧૭ ૩૦.૪૩
ઉત્તરાભાદ્રપદા ૨૪-૧-૨૦૧૭ ૨૪.૩૨

રેવતીમાં તા. ૧૧-૨-૨૦૧૭માં ચાલશે. ગ્રહોના યોગ જોતા પ્રતિયોગ, એપ્રિલ તા. ૨૩, મંગળ-રાહુ કેન્દ્ર યોગ મે તા. ૨૯, મંગળ શનિ પ્રતિયોગ. ઓક્ટોબર તા. ૧૧ - મંગળ-શનિ કેન્દ્રયોગ. જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૧૭માં દેશના પૂર્વીય ભાગોમાં અઘટિત ઘટનાઓ બને. તેમજ વર્ષ દરમ્યાન પણ ઉપર્યુક્ત તમામ આટાપાટા અવનવા બનાવો બને.

કૂર્મચક્રમાં ઈશાન કોણમાં આવતા પ્રદેશો
સમસ્ત કાશ્મિર, ચીની સીમાંત પ્રદેશ
આ વિભાગમાં નક્ષત્રો :- રેવતી, અશ્વિની, ભરણી.
વેધ નક્ષત્રો :- સ્વાતી, વિશાખા, અનુરાધા
સંહિતા વિષયક નક્ષત્રોના કારકત્વ

રેવતી-પાણીમાંથી પેદા થનાર વસ્તુઓ, ફૂલોનો વ્યવસાય જલીયરોગ, સમુદ્ર પારના વેપાર, રત્ન, શંખ, મુંગા મોતી, મીઠુ, નાવિક, નૌસેના, જલીય બાબતોથી જોડાયેલ લોકો,

અશ્વિની, વાહન, યાન, વાહનની ટેકનીક, ચિકિસ્તાની બાબતો (ચિકિત્સા અનુસંધાન), મોટો વેપાર, આકર્ષક સુંદરતા, ઘોડેશ્વારી, સરકારી, અર્ધ સરકારી કર્મચારી.

ભરણી :- ડાકાયતી, ખૂન ખરાબા, હત્યા, બળાત્કાર, માંસ, હિંસા, હિંસક પ્રકૃતિના લોકો. બધી જાતની ગુનાખોરી, સ્વાર્થ લોલુપતા, નીમ્નવર્ગ, ખાદ્ય સામગ્રી.

## ● સંવત-૨૦૭૩નાં ગ્રહણો ●

માઘ સુદ ૧૫ શુક્રવાર તા. ૧૦/૧૧-૨-૨૦૧૭ ભારતીય દિનાંક-૨૧, માઘ-૧૯૩૮ આ દિવસે કર્ક રાશિમાં થનાર માઘ ચંદ્ર ગ્રહણ ભારતમાં દેખાશે.

માઘ, શુકલ-૧૫ શુક્રવાર તા. ૧૦/૧૧-૨-૨૦૧૭ ભારતીય દિનાંક-૨૧ માઘ-૧૯૩૯ આ દિવસે કર્ક રાશિમાં થનાર માંઘ ચંદ્રગ્રહણ-ભારતમાં દેખાશે. આ ગ્રહમ યુરોપ, આફ્રિકા, જાપાનને બાદ કરતાં એશિયાખંડમાં ઉત્તર અને દક્ષિણ અમેરિકા, હિંદી મહાસાગર, પ્રશાંત મહાસાગર, એટલાંટિક મહાસાગરમાં દેખાશે.

| ખગૌળિક ચમત્કૃતિ | ભારતીય સમય |
|---|---|
| ભૂગૌલિક ગ્રહણ સ્પર્શ | ૨૮.૦૪ (તા. ૧૧ના રોજ ૦૪.૦૪ સવારે) |
| ભૂમંડલે ગ્રહણ મધ્યં | ૩૦.૧૪ (તા. ૧૧ના ૦૬.૧૪ મિ. સવારે) |
| ભૂમંડલે ગ્રહણ-મોક્ષ | ૩૨.૨૩ તા. ૧૧ના ૦૮.૨૩ સવારે |
| પરમગ્રાસ | ૦.૯૮૮ |

(૨) માઘ-વદ-૩૦ રવિવાર તા. ૨૬-૨-૨૦૧૭ ભારતીય દિનાંક-૭ ફાલ્ગુન ૧૯૩૮ આ દિવસે કુંભ રાશિમાં થનાર કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ.

(૩) શ્રાવણ સુદ ૧૫ સોમવાર તા. ૭-૮-૨૦૧૭ ભારતીય દિનાંક ૧૬ શ્રાવણ ૧૯૩૯ આ દિવસે મકર રાશિમાં થનાર ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે.

શ્રાવણ સુદ ૧૫, સોમવાર, તા. ૭-૮-૨૦૧૭ ભારતીય દિનાંક ૧૬ શ્રાવણ-૧૯૩૯ આ દિવસે મકર રાશિમાં થનાર ચંદ્રગ્રહણ - ખંડગ્રાસ ચંદ્રગ્રહણ-ભારતમાં દેખાશે. આ ગ્રહણ સંપૂર્ણ એશિયાખંડ, યુરોપખંડ, આફ્રિકા ખંડ, રશિયાના દક્ષિણ પ્રદેશમાં, ઓસ્ટ્રેલિયા, પેસિફિક મહાસાગર, હિંદી મહાસાગર, એંટાર્કટીકામાં દેખાશે.

સામાન્ય રીતે યુદ્ધાદિ બાબતો, અંગેનો બોધ શનિથી થાય છે. જીત કોની થશે તેનો બોધ મંગળથી થાય છે. ગુરૂ ગ્રહ ઘણી વખત નબળા પાસાને સવળાં કરી શકે છે. આ બાબતે ગોચર ઘણું અગત્યનું છે. ગોચરમાં લડાયક ગ્રહ મંગળનું ભ્રમણ જોઈએ તો, મંગળનો નક્ષત્ર પ્રવેશ
રેવતી તા. ૧૧-૨-૨૦૧૭ ૨૨.૩૧
અશ્વિની તા. ૧-૩-૨૦૧૭ ૨૬.૪૦
ભરણી તા. ૨૦-૩-૨૦૧૭ ૧૪.૦૭
સૂર્ય નક્ષત્ર પ્રવેશ ૧૨.૩૯
રેવતી તા. ૩૧-૩-૨૦૧૭ ૧૨.૩૯
અશ્વિની તા. ૧૩-૪-૨૦૧૭ ૨૬.૦૫

## ● ભૂ-ભૌગોલિક ચમત્કૃતિ

**૦૭-૦૮-૨૦૧૭**

| ખગૌલિક ચમત્કૃતિ | ભારતીય સમય |
|---|---|
| ભૂમંડલે ગ્રહણ સ્પર્શ | ૨૨.૫૨ |
| ભૂમંડલે ગ્રહણ મધ્ય | ૨૩.૫૧ |
| ભૂમંડલે ગ્રહણ મોક્ષ | ૨૪.૪૯ |
| ગ્રહણ પર્વકાળ | ૦૧-૫૭ |
| પરમગ્રાસ | ૦,૨૫૪૫ |

ગ્રહણના સ્પર્શથી મોક્ષ સુધીનો સમય ગ્રહમ પૂણ્યકાળ છે.
આ ગ્રહણ રાત્રિના બીજા પ્રહરે થાય છે. આથી આ ગ્રહણનો વેધ ૩ પ્રહર પહેલાં એટલે કે તા. ૭-૮-૨૦૧૭ના બપોરના એક વાગ્યાથી શરૂ કરી ગ્રહનો મોક્ષ થાય ત્યાં સુધી ગ્રહણનો વેધ ગણાય છે.
વિશેષ :- વૃદ્ધો, બાળકો, સશક્ત અને માંદી વ્યક્તિ તેમજ ગર્ભવતી સ્ત્રીઓએ સાંજે પાંચ વાગ્યાથી ગ્રહણનો વેધ પાળવો.
ગ્રહણનું રાશિ પરત્વે ફળ જોતાં
(૧) મિથુન રાશિથી આઠમે ગ્રહમ થતુ હોવાથી અશુભ ગણાશે.
(૨) મકર રાશિમાં ગ્રહણ થતું હોવાથી અશુભ ગણાશે.
(૩) તુલા રાશિમાં ચોથે ગ્રહમ પડતુ હોવાથી અશુભ ગણાશે.
(૪) કુંભ રાશિને બારમે મકર રાશિમાં ગ્રહણ થતુ હોવાથી અશુભ ગણાશે.
મેષ, સિંહ, વૃષિક અને મીન રાશિ શુભ ફળ મળે. વૃષભ, કર્ક, કન્યા અને ધનુ રાશિને મિશ્ર ફળ મળે.
ગ્રહણ દરમ્યાન કરવાના કૃત્યો :-
પૂણ્યકાળ પહેલાં સ્નાન કરવું, ગ્રહણના મધ્યે દેવપૂજન, તર્પણ, શ્રાદ્ધ, જાપ, હોમ અને ગ્રહમ છૂટે તે પછી દાન કરવું. ગ્રહણનું બિંબ શુદ્ધ થયા પછી સ્નાન કરવુ જ્યારે મૃતાત્મા સૌચમાં ગ્રહણ હોય તો ગ્રહણ સંબંધી સ્નાન, દાન, ઈત્યાદિ કાર્યો કરવા માટે શુદ્ધિ છે.
મંત્ર વિગેરે બાબતો મંત્રનું પુન શ્વરણ વિ. ગ્રહણમાં કરવાથી મંત્ર સિદ્ધ ગણાય છે. જ્યારે
ગ્રહણના પૂણ્યકાળ વખતે ઉંઘી જવાથી, તાવ પીડા, મૂત્રરોગ, દરિદ્ર, શૌચ કરવાથી કૃમિ આદિ રોગ, જ્યારે અભ્યંક કરવાથી કુષ્ટરોગ અને ભોજન કરવાથી નરકની પ્રાપ્તિ થાય છે.
(૩) માઘ-કૃષ્ણ-૩૦ રવિવાર તા. ૨૬-૦૨-૨૦૧૭ ભારતીય દિનાંક-૭, ફાલ્ગુન ૧૯૩૮, આ દિવસે કુંભ રાશિમાં થનાર કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું નથી.
(૪) શ્રાવણ વદ-૩૦ (અમાસ) સોમવાર તા. ૨૧-૦૮-૨૦૧૭ ભારતીય દિનાંક-૩૦ શ્રાવણ-૧૯૩૯ આ દિવસે સિંહ રાસિમાં થનાર ખગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ.

## ● શુભ કાર્ય માટે દિન શુદ્ધિ તથા મુહૂર્તની સમજ


શુભ મુહૂર્ત :- નૂતન વર્ષારંભ દિવસ, અક્ષય તૃતીયા, વિજયાદશમી અને ધનતેરસ આ ચારેય શુભ મુહૂર્તોમાં કોઈ પણ શુભ કાર્ય કરવા માટે મુહૂર્ત શુદ્ધિ જોવાની આવશ્યકતા નથી.
શુભતિથિ, ૨, ૩, ૫, ૭, ૧૧. વદપક્ષની ૧ તથા શુક્તિ પક્ષની વૃદ્ધિ તથા ૪, ૯, ૧૪, ૩૦ તથા શુકલ પક્ષની ૧, દરેક શુભ કાર્યોમાં ત્યાજય છે.
શુભભાવ સોમ, બુધ, ગુરૂ અને શુક્ર છે.
શુભ નક્ષત્ર :- અશ્વિની, રોહિણી, મૃગશિર્ષ, પુનર્વસુ, પુષ્ય, ઉત્તરા ફાલ્ગુની, હસ્ત, ચિત્રા, સ્વાતિ, અનુરાધા, ઉત્તરાષાઢા, શ્રવણ, ધનિષ્ઠા, શતતારા, ઉત્તરર, ભાદ્રપદા અને રેવતી ગણાય છે.
કમૂહર્તા :- ધર્નાક એટલે મૃગશીર્ષ-પોષ માસમાં ધન સંક્રાંતિ દરમ્યાન ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છમાં લગ્ન ઈત્યાદિ માંગલિક કાર્યો માટે ત્યાજ્ય છે. મુંબઈ પરશુરામ ક્ષેત્ર હોવાથી કમુરતાની ગણના કરવાની રહેતી નથી. કમૂહર્તા નથી ગણાતા.

## ● શુભાશુભ દિવસો - વિક્રમ સંવત ૨૦૭૩ ●

કારકત સુદ ૧૫ સુધી
કારતક સુદ ૧, સોમવાર ઓક્ટોબર-૩૧ ૧૨.૦૧
ચંદ્રરાશિ તુલા. નૂતન વર્ષારંભ નક્ષત્ર - સમાપ્તી કાળ છે.
કારતક સુદ બીજને મંગળવાર ભાઈબીજ યમ દ્વિતિયા વિશાખા ૧૫.૦૨ વિંછુડો ૮.૧૫ મિનિટથી
શુભ કારતક સુદ ૩ને બુધવાર રાજયોગ રવિયોગ ૧૭.૫૭ થી અનુરાધા ૧૭.૫૭ મિનિટ વિંછુડો
કારતક સુદ ૪ને ગુરૂવાર વૃધ્ય તિથિ વિનાયક ચોથ વિંછુડો ૨૦.૪૬ પુરો
શુભ સુદિ ૪ને શુક્રવાર કુમારયોગ, ૮.૫૨ થી ૨૩.૨૧ રવિયોગ ૨૩.૨૧
કારતક સુદ ૫ને શનિવાર શ્રી પંચમી જૈન જ્ઞાનપંચમી પૂ.ષા. ૨૫.૩૩
કારતક સુદ ૬ને રવિવાર પદ્મયોગ, જૈનઅઠ્ઠાઈ શરૂ સૂર્ય છઠ્ઠુ રવિયોગ ઉ.ષા. ૨૭.૧૫
કારતક સુદ ૭ને સોમવાર જલારામ જયંતિ સિદ્ધિયોગ સૂર્યોદયથી ૨૮.૧૮ શ્રવણ ૨૮.૧૮
કારતક સુદ ૮ને મંગળવાર પંચક ૧૬.૩૪ થી દુર્ગાષ્ટમી, ગોળાષ્ટમી રવિયોગ ધનિષ્ઠા ૨૮.૩૭
કારતક સુદ ૯ને બુધવાર, પંચક, રંગઅવધૂત જયંતિ ચક્ષય, દૂર્ગાનવમી શતતારા ૨૮.૦૯
કારતક સુદ ૧૦ને ગુરૂવાર ભીષ્મપંચક, પ્રબોધિની-૧૧ સ્માર્ત રવિયોગ પૂ.ભા. ૨૬.૫૬
કારતક સુદ ૧૧ને શુક્રવાર બારસનો ક્ષય, તુલસી વિવાહ શરૂ ઉ.ભા. ક.મિ. ૨૫.૦૧
કારતક સુદ-૧૩ને સનિવાર પંચકપુરા ૨૨-૩૧ શનિ પ્રદેશા રવિયોગ રેવતી - ૨૨.૩૧
કારતક સુદ ૧૪ને રવિવાર અશુભ દિવસ સર્વ વાંચક
કારતક સુદ ૧૫ને સોમવાર સામાન્ય દિવસ

# ● રાજકીય પક્ષો અને નેતાઓની કુંડળી ચર્ચા ●

## ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની કુંડળી





કોંગ્રેસ પાર્ટીની કુંડળી અલગ અલગ છે. કોંગ્રેસ પક્ષનું ત્રણ વખત વિસર્જન થયેલું છે અને નવી કોંગ્રેસની રચના થયેલ છે.

અસલ કોંગ્રેસની રચના તા. ૨૮-૧૨-૧૮૮૫માં રચાયેલ. તે પછી ૮૪ વર્ષ પછી સમાપ્ત થઈ અને તા. ૫-૧-૧૯૬૯ થી નવી રચના થઈ. ફરી પાછા ભાગલા પડ્યા અને ૫-૧૧-૧૯૬૯ થી નવી રચના થઈ અને ફરી પાછા ભાગલા પડ્યા અને છેલ્લે તારીખ ૨-૭-૧૯૭૯ના રોજ ઈંદિરા ગાંધી અને કોંગ્રેસ આઈની રચના થઈ.


મંદગ્રહ ગુરુનું ભ્રમણ હાલમાં ચંદ્ર-રાહુ સાથે છઠ્ઠા ભાવમાં ચાલે છે. મૂળ કુંડળીના રાહુ ઉપરથી ગોચરના ગુરુનું ભ્રમણ નબળુ ગણાય. વળી, ગુરુ કોંગ્રેસની મેષ લગ્નની કુંડળીમાં ભાગ્યેશ પણ છે. કોંગ્રેસે ઘણી ચડતી પડતી જોઈએ છે. ગુરુ તા. ૧૨-૯-૨૦૧૭ થી તુલા રાશિમાં આવાતં કોંગ્રેસને કળ વળે અને નવો પ્રાણ સંચાર થાય. કોંગ્રેસની પ્રગતિ થતી જણાય. જ્યારે કોંગ્રેસની કુંડળીમાં શનિ પણ ગોચરમાં આઠમો છે. જે કોંગ્રેસ પાર્ટીનો સંઘર્ષ જણાવે છે. તા. ૨૬-૧-૨૦૧૭ થી ધનરાશિમાં શનિ આવતા કોંગ્રેસ પાર્ટીની પ્રગતિ જણાય. જ્યારે ખરી પ્રગતિ તો તારીખ ૨૬-૧૦-૨૦૧૭ થી ધનનો માર્ગી શનિ થતાં રહે. વર્ષ ૨૦૧૭-૧૮માં કોંગ્રેસ પાર્ટી પ્રગતિ તરફ જણાય.

## ભારતીય જનતા પક્ષની કુંડળી




ભાજપનું જન્મ લગ્ન મિથુન છે. હાલમાં ગોચરમાં મિથુન લગ્નથી પરાક્રમ ભાવમાં રાહુનું ભ્રમણ છે. ભાજપના પુરુષાર્થને વેગ મળે પરંતુ મૂળ કુંડળીમાં ગુરુ સાથે રાહુનું ભ્રમણ ભારતીય જનતા પાર્ટીના આસાન માર્ગ વચ્ચે કંટક પણ પાથરે. માર્ગ કાંટાળો છે તે આ કુંડળીના ગોચર ગ્રહો જોતાં ભુલવું ન જોઈએ. ચોથા ભાવમાં ગોચરનો ગુરૂ ભાજપની યથગાથામાં વધારો કરે. ગુરુ દસમાનો માલિક પણ છે. એટલે પુરુષાર્થનો માર્ગ ભાજપનો વેગ પકડે. જ્યારે ભાગીદારી સ્થાનનો માલિક પણ ગુરુ છે. એટલે પર રાષ્ટ્રીય સંબંધોમાં પણ ભાજપની આગેકૂચ જણાય. હાલમાં વૃશ્ચિકનો શનિ છઠ્ઠા શત્રુ વિજય સ્થાનમાં છે. શનિગ્રહ તા. ૨૬-૧-૨૦૧૭ થી ભાગીદારી સ્થાનમાં આવશે. આ વખતે પક્ષને લોઢાના ચણા ચાવવા જેવો સમયગાળો રહેશે. તા. ૬-૩-૨૦૧૮ થી મંગળ પણ ધન રાશિમાં આવશે. મંગળ-શનિ ઘણી વખત સ્ફોટક પરિસ્થિતિનું નિર્માણ પણ કરે છે. ભાજપ પક્ષ બુદ્ધિથી ઘણાં પગલાં આગળ લેતો જોવા મળશે.

## શ્રીમતિ સોનિયા ગાંધીની કુંડળી




વર્તમાન કોંગ્રેસ પ્રમુખ સોનીયા ગાંધીનો જન્મ તા. ૯-૧૨-૧૯૪૬ રાત્રે કલાક ૯ અને ૩૦ મિનિટે ઈટાલીમાં ટ્યુરીન શહેરમાં થયેલ. તેણીનું લગ્ન રાજીવ ફિરોજ શાહ ગાંધી સાથે તા. ૨૫-૨-૧૯૬૮ના દિવસે થયેલ.


**આ કુંડળીમાં ચંદ્ર પાપકર્તરીમાં પડેલ છે.**

સપ્તમેશ શનિ ઉપર મંગળની દૃષ્ટિ છે. સાતમાનો કારક શત્રુક્ષેત્રી છે. આ ગ્રહો લગ્નજીવન માટે નબળા યોગો ગણાય. કર્ક લગ્નમાં ભાગ્યેશ ગુરુ ચતુર્થ ભવનમાં ચતુર્થેશ શુક્ર સાથે છે. જે યોગ સંસ્થાના વડા બનાવે છે. પરંતુ ગુરુ, શુક્ર દેવ દાનવની યુતિ છે. પંચમ સ્થાનમાં બુધાદિય યોગ છે. પરંતુ સાથે કેતુ છે. રાહુ કેતુ વચ્ચે અધિક ગ્રહો કોંગ્રેસ પ્રમુખ સોનીયા ગાંધી માટે સંઘર્ષ કરાવે છે. અમૃતની પ્યાલી મોંઢે માંડવા દેતા નથી.

હાલમાં રાહુનું ભ્રમણ લગ્નથી બીજા સ્થાનમાં ચાલે છે. ચંદ્રથી પરાક્રમ સ્થાનમાં છે. જ્યારે તા. ૧૮-૮-૨૦૧૭થી રાહુ જન્મ લગ્ન ઉપર આવશે. જે સોનીયા ગાંધીની કુંડળીમાં તબિયત સાચવવાનું સૂચન કરે છે.

શનિ અષ્ટમેશ થઈ લગ્નમાં મંગળથી દૃષ્ટ છે. જે પણ તેણીની નાદુરસ્ત તબિયતનું સૂચન કરે છે. ગુરુ તા. ૧૨-૯-૨૦૧૭થી જન્મના ગુરુ ઉપરથી પસાર થાય છે. જે તેણીના યશકિર્તી માટે સારો યોગ ગણાય. છતાં ૨૬-૧-૨૦૧૭થી ધન રાશીમાં આવતો શનિ રોગ ભુવનના મંગળ ઉપર ભ્રમણ કરે જે સ્વાસ્થ્ય બગાડ લાવે.

## શ્રી નરેન્દ્રભાઈ મોદીની કુંડળી





ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો જન્મ તા. ૧૭-૯-૧૯૫૦ના સવારે વડનગર (ઉ.ગુ.)માં થયેલ છે. તેમનું જન્મનક્ષત્ર અનુરાધા છે. ગુજરાતી સંવત પ્રમાણે વિક્રમ સંવત ૨૦૦૬, ભાદરવા સુદ ૬ તેમની જન્મતિથિ છે. (ઉલ્લેખ આવો મળેલ છે)

વડાપ્રધાન મોદીજીની કુંડળીમાં પાંચમા સ્થાનમાં રહેલ ગુરુ, ત્રિકોણ સ્થાનને મજબૂત કરે છે. ગુરુ ભાગ્ય સ્થાન અને લગ્ન ઉપર પાંચમે રહી દૃષ્ટિ કરે છે. હાલમાં ગોચરના શનિ પ્રમાણે તેમને સાડા સાતી ચાલે છે. લગ્નેશ શુક્ર, ચર્તુથેશ પંચમેશ શનિના યોગ લાભ સ્થાનમાં થયેલ છે. લાભેશ વ્યવસ્થાનમાં છે. જોકે ચલિત કુંડળીમાં બારમે રહેલા ગ્રહો લાભ સ્થાનમાં આવી જાય છે.

વિક્રમ સંવત ૨૦૭૩ની શરૂઆતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીની કુંડળીમાં ગોચરમાં લગ્નમાં સૂર્ય, બુધ છે. મંગળ છે. પરાક્રમ સ્થાનમાં છે. જે વર્ષના બીજા દિવસે જ ચતુર્થ સ્થાનમાં આવે છે. જે બારમે રહેલ ગુરુથી દૃષ્ટ થાય છે. તા. ૨૦-૧-૨૦૧૭ થી મંગળ ગોચરમાં જન્મના રાહુ ઉપરથી પસાર થશે. આ ગાળામાં સ્વાસ્થ સંભાળવુ સારૂ રહે. તા. ૧૩-૪-૨૦૧૭માં મંગળ આઠમે ગોચરમાં આવતા પણ સંભાળવું રહ્યું. તા. ૨૬-૧-૨૦૧૭ થઈ શનિ પરાક્રમ સ્થાનમાં આવશે જ્યારે માર્ગી શનિ તા. ૨૬-૧૦-૨૦૧૭થી ધનરાશીમાં પરાક્રમ સ્થાનમાં આવશે. ગુરુ તા. ૧૨-૯-૨૦૧૭થી જન્મ પ્રગતિ કરાવે. વિક્રમ સંવત ૨૦૭૩નું વર્ષ વડાપ્રધાન માટે સારૂ હોવા છતાં સાવચેત રહેવાનું સૂચન કરે છે.

## મુલાયમસિંહ યાદવ




**તા. ૨૧-૧૧-૧૯૩૯**


મુલાયમસિંહની કુંડળીમાં કેતુ-રાહુ વચ્ચે ગ્રહો છે. જેમની રાજકીય કારકિર્દી ઉચ્ચ પ્રકારની હોવા છતાં કંઈને કંઈ આંતરિક સંઘર્ષ સૂચવે છે. પંચમેશ મંગળ આઠમા સ્થાનમાં નબળો પડે છે. કુંડળીમાં ગુરુ, ચંદ્ર બળવાન યોગ સર્જે છે. સૂર્ય, બુધ, પાંચમા સ્થાનમાં ગુરુથી દૃષ્ટ છે. ચર્તુથેશ શુક્ર સૂર્યની સાથે છે. ચંદ્ર લગ્નેશ થઈ ગુરુની સાથે છે. ગુરુ નવમા પંચમ, અને લગ્નને જોઈ ઉત્તમ ત્રિકોણીને મજબૂત કરે છે. મુલાયમસિંહની કુંડળીમાં તૃતીય પંચમ અને નવમ ભાવ બળવાન થતાં ઉત્તમ રાજયોગ સર્જાય છે. પરંતુ દસમે શનિ, કેતુ ચઢતી પડતી પણ સૂચવે છે.

નવમ સ્થાને લગ્નેશ અને નવમયતિની યુતિએ બળવાન બનાવેલ છે. હાલમાં શનિ, ભ્રમણ પંચમ સ્થાનમાં સૂર્ય, બુધ, શુક્ર ઉપરથી થાય છે. સૂર્ય શનિ યોગ પિતા-પુત્ર વચ્ચે કડવાશ ઉભી કરે છે. જ્યારે શનિ તા. ૨૬-૧-૨૦૧૭થી ધનરાશિમાં આવતા પિતા-પુત્ર વચ્ચેની કડવાશ ઓછી થાય. ગુરુ તૃતીય ભવન ઉપરથી જન્મના ગુરુ, ચંદ્રને જુએ છે. આ યોગ મુલાયમસિંહ માટે સંઘર્ષમાંથી માર્ગ કાઢવાનું સૂચવે છે. ૨૬-૧૦-૨૦૧૭ પછી પિતા-પુત્રના કડવાસ ભર્યા સંબંધોમાં ઓટ આવે. તારીખ ૧૭-૯-૨૦૧૭થી ગુરુ તુલામાં આવતા રાહુ ઉપર ગુરુનું ભ્રમણ હોવા છતાં તેમને છૂપા માર્ગથી (નબળા નહી) કુદરતી મદદ મળે અને આગળ વધી શકે.

## માયાવતીની કુંડળી


તારીખ ૧૫-૧-૧૯૫૬

આ કુંડળીમાં લગ્નેશ ચંદ્ર સપ્તમમાં સૂર્ય અને બુધની સાથે છે. બુધાદિત્ય યોગ થાય છે. સાતમા સ્થાન ઉપર શનિની ઈન્દ્રથી સાતમુ સ્થાન બગડે છે. સાતમુ સ્થાન ભાગીદારીનું સ્થાન પણ છે. દસમે મંગળ પંચમ સ્થાનમાં કેન્દ્રના માલિક શનિ સાથે, મંગળ પાંચમાનો પણ માલિક છે. જે સાથે બેઠેલ છે. મંગળ, શનિ માયાવતીને મજબૂત સ્ત્રી બતાવે છે. તેણીની વાણીમાં જુસ્સો અને જોમ છે. બીજા સ્થાનમાં ગુરુ ઘણી વખત તેણીની વાણી બીજાને આંજી પણ નાંખે છે. શનિ, મંગળ, જબરજસ્ત રાજકીય વ્યક્તિત્વ દર્શાવે છે. પરંતુ શનિ, રાહુ શાબિત દોષ કરે છે.




ગુરુ આઠમા સ્થાનમાં દૃષ્ટિ કરે છે. વળી કર્મ સ્થાનમાં પણ દૃષ્ટિ કરે છે. હાલમાં માયાવતીની કુંડળી બળવાન છે. ગોચરમાં ગુરુ પરાક્રમ ભાવે રહી ભાગ્યમાં પોતાની રાશીને જુએ છે. જો કે હાલમાં શનિનું ભ્રમણ ગોચરમાં રહી કુંડળીના શનિ ઉપરથી પસાર થાય છે. પરંતુ કુંડળીમાં પાંચમે રાહુ પણ છે. તા. ૨૬-૧-૨૦૧૭ થી શનિ ધન રાશિમાં આવતા માયાવતીનો જુસ્સો ભડકી ઉઠે અને ભલભલાને મહાત કરી શકે તેવુ વ્યક્તિત્વ દીપી ઉઠે. તા. ૧૨-૯-૨૦૧૭થી ગુરૂ ચોથે આવતાં પણ તેણીની પ્રગતિ જણાય. તા. ૧૮-૮-૨૦૧૭ થી રાહુ પણ કર્કમાં આવતા લગ્નમાં આવશે. રાહુ રાજપાઠ સાથે રાહુ રાજપાઠ છીનવી પણ લે. માયાવતીનો રાહુ લગ્નમાં તેમની કિર્તિને આગળ વધારશે. ૨૦૧૭ ઈ.સ.નું વર્ષ માયાવતી માટે યસસ્વી નીવડે તેવા ગ્રહ યોગો છે.

## પ્રિયંકા ગાંધીની કુંડળી




**તા. ૧૨-૧-૧૯૭૨, જન્મ - નવી દિલ્હી**

કોંગ્રેસી નેતા પ્રિયંકા ગાંધીને સૂર્ય ગુરુ બુધ સાતમા સ્થાનને મજબૂત બનાવે છે. સૂર્ય દ્વિતીયનો એટલે કે પરાક્રમનો માલિક થઈ સાતમે ગુરુ સાથે ગુરુની રાશિમાં છે. બુધ લગ્નેશ થઈ સૂર્ય ગુરુ સાથે છે. આ યોગ પ્રિયંકા ગાંધીની પ્રગતિનો સૂચક છે. હાલમાં ગુરુનું ભ્રમણ ગોચરમાં ચોથે છે. ગુરુ તા. ૧૨-૯-૨૦૧૭થી પાંચમા સ્થાનમાં આવે છે. દસમે લાભ સ્થાનનો માલિક મંગળ ગુરુની રાશીમાં છે. ગુરુ લાભ લગ્ન લાભ, લગ્ન તેમજ પરાક્રમ સ્થાનને જુએ છે. પ્રિયંકા ગાંધીની કુંડળી રાજકીય કારકિર્દી માટે ઘણી જ બળવાન છે.